**મેહ. લેબર કોર્ટ અમદાવાદના એડી. ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ તથા ન્યાયાધીશ (એસ.ડી.) સાહેબ સમક્ષ, જી.અમદાવાદ.**

**ફોજદારી કેસ નં.૨૦/૨૦૨૨.**

**ફરિયાદી :-** **સરકારી શ્રમ અધિકારી અને લઘુતમ વેતન ઈન્સ્પેકટર.**

**: વિરૂઘ્ધ :**

**આરોપી :-** **શ્રી જેથુસિંઘ રાઠોડ-પ્રોપરાયટરશ્રી,**
બોમ્બે ઈન્ટેલીજન્સ સિકયુરીટી (ઈ) લિ.
૯/૦. ગાર્ડનર ડેનવર એન્જીનીર્ડ પ્રોડકટસ ઈન્ડિયા પ્રા. લિ.,
૮૭૮, સરખેજ બાવળા રોડ, ગામ-રજોડા,
અમદાવાદ.

**ગુન્હો :-** **લઘુતમ વેતન ધારાની કલમ-૨૨(એ) મુજબ.**
**આરોપી તરફે :-** **વિ. વ. શ્રી જે. એલ. દેસાઈ.**

**-: ચૂ કા દો :-**

**૧.** હાલનો ફોજદારી કેસ જે અત્રેની કોર્ટને એલોટ કરવામાં આવેલ છે.

**૨.** ફરિયાદીના કેસની હકીકત ટૂંકમાં એવી છે કે :-

આ કામના ફરિયાદી લઘુતમ વેતન ધારાની કલમ-૧૮ હેઠળ નિમાયેલ નિરીક્ષક છે અને તેઓ ધ્વારા આરોપી સંસ્થા/કારખાનાની તપાસ હાથ ધરતા આરોપી સંસ્થા ધ્વારા **લઘુતમ વેતનના નિયમ-૨૬(ડી), ૨૬(૨), ૨૧(૧)(એ)** હેઠળ ગુન્હો કરવામાં આવેલ હોય તે અંગે ફરિયાદીએ ધોરણસરની ફરિયાદ અદાલતમાં દાખલ કરતા આરોપીને આ અદાલતે સદરહુ અધિનિયમની જોગવાઈ મુજબના ગુન્હાનો સમન્સ જારી કરવાનો હુકમ કરેલ હતો.

**૩.** આરોપીને સમન્સ બજી જતાં આરોપી આજરોજ યોજાયેલ સ્પેશ્યલ સીટીંગ ઓફ મેજીસ્ટ્રેટ સમક્ષ હાજર થતાં, આરોપીએ ગુનાની કબૂલાત પુરસીસ રજૂ રાખેલ છે અને તેમાં જણાવ્યા મુજબ તેઓ સ્વૈચ્છિક રીતે પોતાનો ગુનો કબૂલે છે તેમજ ભવિષ્યમાં આવો ગુનો ફરીથી નહિ કરે તેવી ખાત્રી આપેલ છે અને આ તેનો પ્રથમ ગુનો હોય રહેમ રાખી ઓછામાં ઓછી શિક્ષા કરવા અરજ કરેલ છે. તેઓએ આરોપી તફે ગુન્હાની કબૂલાત પુરસીસ રજૂ કરતાં તેઓને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબૂલ કરવા બંધાયેલા નથી અને તેઓ ગુન્હો કબૂલ કરશે તો આવી કબૂલાત તેઓ વિરૂઘ્ધ પૂરાવા તરીકે ઉપયોગ લેવાશે. આમ, છતાં તેઓએ આરોપીએ ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે જેથી તેઓની પ્લી નોંધવામાં આવેલ છે.

.

૪. ઉપરોકત રજૂઆત તથા કેસની હકીકત ઘ્યાનમાં લેતા તેમજ આરોપીનો આ પ્રથમ ગુનો હોય અને તેને કરેલ રજૂઆત મુજબ તેના ઉપર સમગ્ર કુટુંબની જવાબદારી હોય અને આરોપીને પોતાના ગુન્હા બદલ પારાવાર થયેલ હોય આરોપીને શિક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શિક્ષા કરવામાં આવે તો ન્યાયનો હેતૂ જળવાઈ રહેશે તેવું અત્રેની કોર્ટનું માનવું છે. સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ ઘ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂઘ્ઘ નટવર હરચંદજી ઠાકોર રીપોર્ટેડ ઈન ૨૦૦૫ (૧) જી.એલ.આર. પાનું-૭૦૯ ના ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ સિઘ્ઘાંતને લક્ષમાં લેતા હાલના આરોપી વિરૂઘ્ઘ ગુનો સાબિત થયેલ છે તેમજ તેની રજૂઆતને ઘ્યાનમાં લઈ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## -: હુકમ ::-

૧. સદર કામે પ્રત્યેક આરોપીને ક્રિ. પ્રો. કોડ ક.૨૫૨ અન્વયે **લઘુતમ વેતનના નિયમ-૨૬(ડી), ૨૬(૨), ૨૧(૧)(એ)** હેઠળ તકસીરવાન ઠરાવીને **કુલ રૂા.૬,૦૦૦/-** દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો આરોપીને એક માસની સાદી કેદની સજા ભોગવવાનો આથી હુકમ કરવામાં આવે છે.

૨. આ હુકમ આજરોજ સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તા.૨૬/૬/૨૦૨૨.
સ્થળ : અમદાવાદ.

(હેમાંસુ અમૃતલાલ ભુતવાલા)
એડિશ્નલ ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ,
ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)
મજૂર અદાલત, અમદાવાદ.
CODE-GJ00883

HMPRAJAPATI,PA.